દાખલ તારીખ :- ૦૩.૦૨.૨૦૨૦.
નિકાલ તારીખ :- ૦૮.૦૨.૨૦૨૦.
સમયગાળો :- વર્ષ માસ દિવસ
૦૫

**ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની અદાલતમાં, મુકામ: ભુજ (કચ્છ)**

===================================================

**ફોજદારી કેસ નંબર: ૪૫૧/૨૦૨૦**
આંક :- ૫/બી.

શ્રી સરકાર..... ::::::::::::: ફરીયાદી.

**વિરૂધ્ધ**

**રાહુલ રમેશભાઈ ચમાર,**
ઉંમર: ૨૭ વર્ષ, ધંધો: ડ્રાઈવીંગ,
રહેવાસી:મહાદેવનગર,
મીરજાપર,તા:ભુજ-કચ્છ. ::::::::::::: આરોપી.

**ગુન્હો:** ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ: ૨૭૯ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪ મુજબનો.

**-: ચુકા દો :-**

૧. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, બનાવનાં દિવસે, સમયે અને તારીખે જાહેર રોડ ઉપર આરોપી એ પોતાનાં કબજાનું વાહન જાહેર રોડ ઉપર અકસ્માત સર્જે તે રીતે પોતાની તેમજ અન્યની જીંદગી જોખમાય તે રીતે વાહન પુરઝડપે,બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી ભારતીય દંડસંહિતા ની કલમ-૨૭૯ તેમજ મોટર વ્હીકલસ એકટ, ૧૯૮૮ ની કલમ-૧૧૭, ૧૮૪ મુજબના ગુન્હાની ફરીયાદ નોંધાયેલ ,બાદ તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસ કરેલ અને તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ. આ ગુન્હાની તપાસ, તપાસ કરનાર અમલદારને સોંપાતા, તેઓએ જરૂરી તપાસ કરીને આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હા સબબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ. અત્રેની અદાલત માં ચાર્જશીટ રજુ થતાં,ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપી વિરૂધ્ધ સમન્સ કરવામાં આવેલ.

૨. ત્યાર બાદ આજ રોજનાં સ્પેશીયલ સીટીંગની નોટીસ આરોપી ને બજતા, આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીને ગુન્હાની હકીકતો સમજાવી, પ્લી નોંધતાં આરોપીએ ગુન્હો સ્વેચ્છાપૂર્વક કબુલ કરતા હોવાનું જણાવેલું છે.

આરોપીને તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને ગુન્હો કબુલ કરવાથી કાયદાએ ફરમાવેલ શિક્ષા તેઓને થઈ શકે છે તેવી સમજ આપવા છતાં આરોપી પોતાની ગુન્હો કબુલ કરવાની વાતને મકકમપણે વળગી રહેલા છે અને કબુલાત પુરશીશ અલગથી આપેલ છે. આમ, આરોપીની ગુન્હા અંગેની કબુલાત સ્વેચ્છાપૂર્વકની અને દબાણ મુકત હોઈ તે અત્રેની અદાલતે સ્વીકારેલી છે. આરોપીએ ઓછી સજા કરવા પણ અરજ કરેલ છે.

૩. આમ, કેસની હકીકતો અને સંજોગો ઘ્યાને લેતાં તેમજ આરોપીની કબુલાત પુરશીશની હકીકતો તેમજ ઓછી સજા કરવાની વિનંતી ઘ્યાને લેતાં, અત્રેની અદાલતને ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે.

**-: હુ ક મ :-**

૧. ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૫૨ અન્વયે આ કામના આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯ તથા મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ ની કલમ-૧૭૭,૧૮૪ મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી સંયુકત રીતે **રૂા. ૫૦૦/- (અંકે રૂપીયા પાંચ સો )** પુરા દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. દંડની રકમ ભરવામાં કસુર કર્યેથી, આરોપીએ દરેક ગુન્હા સબબ દિન-૨(બે) ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩. આરોપીનાં જામીન ખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે.

આજ તારીખ : આઠમી ફેબ્રુઆરી, સને-૨૦૨૦ ના રોજ જાહેર કર્યો.

સહી/-

તારીખ : ૦૮/૦૨/૨૦૨૦

સ્થળ : કચ્છ-ભુજ (સ્પેશ્યલ સીટીંગ)

KT010013

**(રીટાબેન એમ. બારોટ)**

ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ

**કોડ- જીજે.૦૧૦૦૧**